ó પહેલો પ્રેમ ó

એક રોમાંચક સ્કુલલાઇફ લવ સ્ટોરી સિરીઝ

ó ó ó ó પહેલો પ્રેમ ó ó ó ó

❀❀❀❀❀❀❀❀❀ભાગ 1❀❀❀❀❀❀❀❀❀

બસ ચાલી રહી હતી...બારી માથી ઠંડો સુસવાટા મારતો પવન આવી રહ્યો હતો.આ પવન ધવલના મો પર અથડાતો હતો..ધવલ વિચારો મા હતો કે હુ આ ઠીક કરી રહ્યો છું.

ધવલને શહેર છોડવા ની સહેજ પણ ઇચ્છા નતી પણ રાજે સુરત આવવું જ પડયું..ધવલ ને એનાં મિત્રો ,જૂની શાળા,બધુ ખૂબ જ યાદ આવવા લાગ્યું.ધવલ હજી વિચારતો જ હતો કે પાછો જતો રવ પણ ત્યાં તો સુરત સેન્ટ્રલ બસ સ્ટેશન

આવી ગયુ..ધવલને વિચારો મા ખબર જ ના પડી કે ક્યારે સુરત આવ્યુ.

ધવલના પપ્પા એને લેવા આવવાના હતાં.ધવલે તેમણે જોયા અને પછી અમે રીક્ષામા ઘર તરફ ચાલ્યા..ધવલને આ શહેર એક દમ નવું અને કૈંક જુદું લાગ્યું.એને એક વાર તો એવો પણ વિચાર આવયો કે શુ હુ અહિયાં રહી શકીશ.નવા મિત્રો,નવી શાળા,અને ઘણુ બધુ.....

હજી તો ઘરે પહોંચ્યા ત્યાં જ પપ્પા એ કીધું ," જા ફટાફટ તૈયાર થઈ જા આપણે તારી નવી શાળા મા જવાનું છે..

સ્કુલ નું નામ સાંભળતા જ ધવલને એની જૂની સ્કુલ યાદ આવી ગઇ.. એનાં જુના મિત્રો,જૂની યાદો પણ તાજી થઈ ગઇ..

એની નવી સ્કુલ જૂની સ્કુલ કરતા બવ જ મોતી હતી અને સાથે સાથે સુંદર,સ્વચ્છ અને સુઘડ...

ધવલને એનાં પપ્પા આચાર્ય ની ઓફીસ મા લઈ ગયા.ત્યાં ધવલને સરે થોડા સવાલ પૂછ્યા.અને છેલ્લે એનાં 8th મા કેટલા ટકા હતાં એમ પુછ્યું.તો મે કહ્યુ 70 તો તેમણે એને કહ્યુ હવે આટલા ઓછા ટકા ના ચાલે..એનાં મન મા વિચાર આવયો આને 70 ઓછા પડે છે. ઘ ઘ ઘ ઘ

પણ એ શુ કરી શકુ..એક ૧૦-૧૫ માથા ભારે સવાલ વાળું પેપર આપી ને એ ઘરે ગ્યો.ઘરે શાંતિ થિ બેસી ને ગામ નાં જુના મિત્રો ને યાદ કરવા લાગ્યો.

VISIT…

૨૦ દીવસ પછી....

સ્કુલ શરુ થઈ ત્યારે ધવલ સિવાય બધાને 9th નાં કલાસ મા જવાનો ઉત્સાહ હતો..આપણે તો આ સ્કુલ નવી હતી ઉપર થિ ટાઈ વાળો યુનિફોર્મ..

ધવલને તો એ જોઇ ને નવાઈ લાગી કે બધાં છોકરાઓ લાઈનમાં શિસ્ત મા ચાલતા હતાં.(કેદી ઓ જેલ મા ચાલે એમ)

ધવલ ક્લાસ મા જઇ ને ત્રીજી બેન્ચ પર બેઠો.

ત્યાં સ્કુલ નાં નિયમભંગ કરનારો એ પહેલો હતો.જે ગળા મા ગોલ્ડન ચેન પહેરી ને ગ્યો હતો.એની બાજુ વાલા એ એને ચેન કાઢી નાખવા કહ્યુ તો એને નવાઈ લાગી કેમકે એની જૂની સ્કુલ મા આવી કોઈ જ પાબ્નધી નતી.

એની બાજૂ વાલા બે છોકરાં હવે એનાં નવા ભાઈબંધ હતાં.સુરત ની ભાષા મા કહીયે તો દોસ્તાર હતાં.

એની બાજુ વાળાએ એને એનું નામ અને ક્યાંથી આવયો છે એમ પુછ્યું.એને કીધું કે ગામ થિ તો એ બાધા એને "ગામડિયો"કહીને ચીડવવા લાગ્યા.ત્યારે એને સુરત અને આ નવી સ્કુલ બહુ જ ખરાબ લાગી.હવે એને નક્કી કરી જ લીધુ કે આ સ્કુલ મા રહેવું જ નહીં.

પણ

જેવો પહેલો પ્રિયડ પૂરો થયો તો આખો ક્લાસ અવાજ કરવા લાગ્યો.

અમુક નંગ તો બેન્ચ અફાડે અને બૂમો પાડે.. અને 10એક સેકન્ડ પછી એના કરતા મોટા અવાજ થી બમ પાડી એક મોનીટર

ઊભી થઈ.. શુ ગુસ્સો હતો એની આંખ મા જાણે હિમાલય ને જ ઓગાળી નાંખે.

ધવલ આ ગુસ્સા થિ ભરેલા ચહેરા ને જોઇ રહ્યો

હવે એનું હૃદય એંને કહેતું તુ "સુરત એટલું ય ખરાબ નથિ".

,

એ છોકરી હતી શીતલ.. આખો 9th નો કલાસ એનાં થિ ડરતો.ક્લાસ મા કોઈ પણ પ્રોબ્લેમ થાય એટ્લે સીધો સર પાસે જ જાય અને હાલત ખરાબ.આખી સ્કુલ મા બધા જ એને ઓળખતા.અને કેમ નાં ઓળખે એ ક્લાસ ની હોશિયાર સ્ટુડન્ટ હતી ઉપર થિ કોઈ પણ સર નું કામ કરવા તૈયાર રહેતી.એટલે બધા સર-ટીચર એમનું કામ કરવા એને જ કહેતાં.

આપણો ભાઈ મતલબ કે ધવલ આ છોકરી ને જોઇ ને પાગલ થઈ ગ્યો તો. એને જોઇ ને એના મન મા વિચાર આવયો કે "સાલું એક છોકરી આખા કલાસ ને કાબુ મા આટલા જલદી કેવી રીતે લાવી શકે?જે ક્લાસ ટીચર નઇ સંભાળી સકતા એ એક છોકરી સંભાળી શકે!!"

થોડી વાર પછી સર એન્ટર થયાં.બધાં ભણતા હતાં પણ આપણો ભાઈ ધવલ હજી પણ શીતલ ના વિચારો મા ખોવાયેલો હતો.એ વિચારો મા હતો કે આકર્ષણ હતુ..એમ પણ મોટા ભાગ નાં કિસ્સા ઓ મા જ્યારે કોઈ લવ મા પડે ને તયારે આવા વીચારો મુકી ને એ કોઈ વ્યક્તિ ના વિચારો મા જ ખોવાયેલો રહે છે જેનાં પ્રત્યે એને આકર્ષણ છે.....

ધવલે ક્લાસ મા આજે ઘણાં બધા મિત્રો બનાવી લીધાં.સ્કુલ પુરી થયાં બાદ એ ઘરે ગ્યો.આજે પહેલા દિવસે એને લેશન તો નતૂ. પણ એની પાસે એક કામ હતુ..એ કે એ શીતલ ના વીચારો મા ખોવાય જ ગ્યો.એની આંખ સામે થિ શીતલ નો ચહેરો ખસતો જ નહતો અને ખસે પણ કઇ રીતે?

આ જ તો પ્રેમ અને આકર્ષણ વચ્ચેની પાતળી ભેદરેખા છે.પ્રેમ ને આકર્ષણ ના કહેવાય અને આકર્ષણ ને પ્રેમ નાં કહેવાય.પણ મારા મત મુજબ તૌ આકર્ષણ એ જ પ્રેમ નું પહેલું પગથિયું છે.જે આપણો ધવલ ચડી તૌ ગ્યો પણ બોસ પ્રેમ મા એને હજી ઘણાં બધા પગથિયાં ચડવાના બાકી હતાં..

થોડા સમય પછી ધવલે એની બ્લુ ડાયરી કાઢી .એને લખવાનો શોખ હતો.જ્યારે સમય મળતો તયારે એ કવિતાઓ લખતો પણ આજે પહેલી વાર એ એની ડાયરી મા કોઈ છોકરી વિસે લખતો હતો જેને એ હજી સરખી રીતે ઓળખતો પન નહીં..

હવે એ એનાં ભાઈ સાથે મોબાઇલ

મા લાગી ગ્યો પન એનાં મન મા એમ હતુ કે ક્યારે સ્કુલ જાય અને શીતલ નો ચહેરો જોવા મળે.

એને આ વાત એનાં મિત્રો તથા એનાં ભાઈ થિ પન છુપાવી.સામાન્ય રીતે એ બધી જ વાત એનાં ભાઈ ને કરતો પણ આજે કોણ જાણે શુ થયુ કૈ એને આ વાત એનાં ભાઈ ને ના કરી..

આમ પણ જોઈએ તો મોસ્ટ ઓફ લવ સ્ટોરીઝ આવી જ હોય છે. જે કોઈ ને કહ્યા વગર કોઈ જાત નાં ભણકારા વગર શરૂ થાય છે. અને બોસ આની મજા જ કાઈ અલગ જાત ની હોય છે. અને આ ફીલિંગ જેણે પણ અનુભવી હોય એને ફર્સ્ટ ટાઈમ ફરારી

લેવા જેવો આનન્દ મળે છે.

હવે આગળ નું બીજા ભાગ મા...

જો તમને આ ગમે તો પ્લીઝ એની પ્રતિક્રિયાઓ આપજો અને તમને લાગે કે કંઇ ખૂટે છે તૌ જણાવજો..

આભાર

હુ ચિરાગ પટેલ @ FETR bardoli.

ó પહેલો પ્રેમ ó

એક રોમાંચક સ્કુલલાઇફ લવ સ્ટોરી સિરીઝ

–----------–----------

જો તમે પહેલો ભાગ નથી વાંચ્યો તો મહેરબાની કરી ને તેં પણ વાંચી લેજો..કારણ કે આ એક સિરીઝ છે અને સિરીઝ વાંચવાની મજા શરૂઆત થિ જ આવે.

બીજા ભાગ માં આપ સૌનું સ્વાગત છે...

હવે આગળ.....

બીજા દિવસે ધવલ એનાં ક્લાસ મા (એનાં માટે તો જેલ જ) પ્રવેશ કર્યો..પણ ભાઈ ધવલને તો આજે સહેજ પણ બીક નહતી કેમ કે એને તો આજે શીતલ ને જ જોવી હતી..એનાં મન માં આજે તો પાછળ બેસવાનો વિચાર હતો કારણ કે ભાઈ શીતલ પણ આગળ જ બેસતી હતી,પણ એમ કાંઇ થોડા પાછળ બેસવા દે એટ્લે તો આપણાં ભાઈની ઇચ્છા (દિલ-એ-તમન્ના) અધૂરી જ રઈ ગઇ ૮ ૮ .એ લાચાર હતો.

ભણવાનું ચાલુ થયુ ધવલ દુઆ માંગતો હતો કે એને પાછળ બેસવા મળે,અને ભાઈની ઇચ્છા પુરી થઈ..

S.S. નો લેક્ચર શરૂ થયો.અમારાં ગેમલ સર તો શિસ્ત નાં આગ્રહી હતાં.એમને આવતાની સાથે જ બધાને હાઈટ મુજબ ગોઠવવા માંડ્યા.એટ્લે ધવલ ને પાછળ છેલ્લી બેન્ચે બેસવા કહ્યુ..આપણાં ભાઈ છેલ્લે જઇને બેઠા તો સામી જ બેન્ચ પર શીતલ ó .

વાહ આપણાં ભાઈ ને જોઈતું હતુ એ બધુ જ મળી ગયુ.

એ હજી બેઠો જ હતો ત્યાં કોઇએ કીધું "હેલો ,ધવલ"

ધવલને સુરત આવ્યાં પછી કોઇએ પહેલી વાર એને નામથી બોલાવ્યો હતો..એણે જોયું તો એ ક્લાસનો ટૉપર વ્રજ હતો.અને બીજી બાજુ એનો બેસ્ટ ફ્રેન્ડ યશ.શું જોડી હતી સાલાઓની.એક ટૉપર હતો તો બીજો લાસ્ટ.વ્રજ સ્વભાવે એક દમ શાંત અને યશ એક નંબરનો મસ્તીખોર..

પૂરા દીવસ ધવલ પાછળ જ બેઠો.વ્રજ ધવલને જોયા કરતો હતો તેણે સ્કુલ છૂટતી વખતે ધવલને કહ્યુ,"ભાઈ આમાં તારો સમય નાં બગાડ તને કાઈ નય મળે એનાં કરતા તારો આ સમય ભણવામાં આપ તો તારા માટે બવજ સારુ રહેશે.." વાત તો ૧૦૦% સાચી હતી પણ "આકર્ષણ"માં મીન્સ કે "લવ"માં પડેલા હોય એ ક્યાં કોઈની સલાહ માને જ છે..

"એક તરફી પ્રેમ"(one side love) માં મજા માત્ર એક જ વ્યક્તિને આવે છે, but એની એ મજાની જે ɴ "ફીલિંગ" ɴ છે ને એ દુનિયાની સૌથી σ બેસ્ટ σ ફિલિન્ગસ માની એક છે જે દરેક નાં જીવન માં આવે જ છે. જેની મજા ધવલ અત્યારે માણી રહ્યો હતો ħ અને મારે એ ફીલિંગ્સ માણવાની ૧ વર્ષની વાર હતી ώ

સ્કુલ છુટી ધવલે નક્કી કર્યું કે આજે તો શીતલ નાં ઘર સુધી એની પાછળ પાછળ જવું,પણ એનાં માટે તો હિંમત જોઈએ જે આપણાં ભાઈ પાસે નહતી.એટ્લે ભાઈ સીધા ઘરે ગયા અને લેશન પુરુ કર્યું...હવે..

હવે શુ હોય એ શીતલ નાં ચહેરાને એનાં નજરો નાં અરીસામાં નિહાળવા લાગ્યો,અને snow-white માં અરીસાને પૂછવામાં આવતું કે સૌથી સુંદર કોણ??આનો સવાલ અને જવાબ ધવલ એની જાતેં જ બોલી રહ્યો હતો..

એને થયુ કે જો હુ આમ ચુપચાપ બેસી રહીશ તો હુ શીતલ ને ગુમાવી દઈશ..

.

.

થોડી વાર પછી એ ડાયરી લખવા બેસી ગ્યો.આમ તો એની સોસાયટી માં એનાં કોઈ મિત્રો જ નહતા એટ્લે યે સમય પસાર કરવા એની ડાયરી લખતો અથવા કોઈ કામમા લાગી રહેતો..

.

એણે શીતલ ને ફેસબૂક પર સર્ચ કરી જોઇ પણ આવી સાદી ને સીધી છોકરી ફેસબૂક પર ક્યાંથી હોય??

હવે તો ભૈ ધવલ ને થયુ હવે તો કૈંક કરવું જ પડશે..

Same usual સ્કુલ માં પહોચી જતો.રોજે રીસેસ માં ગ્રાઉન્ડ મા બધા મિત્રો જોડે રમવા જવાનું હોય,ધવલ વ્રજ અને બીજા મિત્રો જોડે વાતચીત કરતો હોય પણ શીતલ તો ક્લાસમાં માત્ર વાંચતી જ હોય. એ એની બેસ્ટ ફ્રેન્ડ ક્રિષ્ના જોડે..જ્યારે બીજી છોકરીઓ વાતો જ કરતી હોય..

શીતલની લાઈફસ્ટાઇલ નોર્મલ ન હતી.આપણાં ધવલ જેવી તો સહેજે ય નહીં.

રોજ સવારે વહેલા ઉઠવાનું,રોજ નું કામ રોજ પતાવવાનું.બીજા દીવસ ની સ્ટડી ની તૈયારી પણ આજે જ કરી લેવાની..એમને એમ કાઈ થોડુ સ્કોલર બનાય??

.

ધવલ તો બસ જોયા જ કરતો એને ખાસ કંઇ કરવાની ઇચ્છા ન થતી.એનાં મન માં એક વિચાર વારંવાર રહ્યાં કરતો "શું હુ એને કહી શકીશ કે હુ એને ખૂબ જ પ્રેમ કરૂ છું. ખૂબ જ.??"

.

But એ એનાં લવ માટે ખૂબ જ confused હતો.(શુ કીધું confused??)..તમને એમ લાગતું હસે ને કેએમા confusion શાનું???

.

.

પણ સાચે માં તમે એમ માની લો કે લવ છે પણ truelove તો નાં જ હોય ને ω

.

ધવલ રાહ જોતો હતો કે ક્યારે એનાં દિલ નું jukebox વાગે અને શીતલ ને હું propose કરું?પણ એ ક્યારે વાગશે?? ધવલ એની રાહ જોતો હતો...

થોડા દીવસ પછી નવરાત્રિ શરૂ થઈ. આમ તો ધવલ ની સ્કુલ માં રંગીન કપડા aloud નઇ હતાં પણ કોઈ ખાસ તહેવારો માં આ છૂટ આપવામાં આવતી..સ્કુલ મા એ દીવસે ધવલ black t-shirt અને black pant.એમ આખો ય મિ.બ્લેક બની ને ગ્યો..

.

.

એને તો ફેસ્ટિવલ કરતા વધું રસ શીતલ ને કલરફુલ કપડા માં જોવાનો હતો..એ બેન્ચ પર બેસી ને શીતલ ની રાહ જોતો હતો..

.

.

.

.

એ દિવસે શીતલ સિમ્પલ blue ડ્રેસ અને yellow leggings માં આવી એ પણ without make up.

Just think કે કોઈ છોકરી પ્રત્યેનું આકર્ષણ એ પણ without any fashionable clothes and makeup..(આમ પણ કોઈ છોકરી મેકઅપ વગર જ વધું સુંદર દેખાય)

ઘણી જગ્યાએ જોઈએ તો પ્રેમ તો ખાસ માત્ર ને માત્ર સુંદરતા થી જ થતો હોય,પણ અહિયાં કૈંક અલગ જ છે.

હવે ક્લાસ માં યશ તો બૂમો પાડતો હતો (અમારે ત્યાં આ નંગ એવો હતો કે જેનાં માં પહેલે થિ જ સ્પીકર ફિટ હતુ આખો દીવસ બસ બૂમ બરાડા) બધાં સરો તો નવરાત્રિ નાં કામ માં લાગેલા હતાં,બધાં જ ઉત્સાહ માં હતાં ખાલી ધવલ સિવાય!! કેમકે એ ભાઈ ને ગરબા આવડતા જ નતા..

તમને એવો વિચાર આવતો હસે કે ધવલ બવ જ બોરિંગ છોકરો હશે પણ નાં.એવું નહતું એ ભાઈ બધાં થિ અલગ જ હતાં.

બધાં ગ્રાઉન્ડમાઁ ગયા.ધવલ પણ ગ્યો..વ્રજ અને ધવલ સાઈડ માં ઉભા રહીને વાત કરતાં હતાં.ત્યાં જ જાહેરાત થઈ કે boys અને girls ને વારાફરતી ગરબા રમવાના છે...

પહેલા boy'sનો વારો હતો.બધાં રમવા ગયા પણ ધવલ સાઈડ માં ઉભો રહ્યો,એ રમવા એટ્લે નતો જતો કે ખાલી ખોટો ઈજ્જત નો કચરો થઈ જાય.. વ્રજે ધવલ ને સમજાવ્યું કે "આખાય ગ્રાઉન્ડ મા તુ એકલો છોકરો ઉભો છે બાકી બધાં ગરબા રમે છે.. આ તારા માટે અને આપણાં ક્લાસ માટે પણ સારુ ન કહેવાય."

એટ્લે

ધવલ આગળ પાછળ વાળા ને જોઈને જેમ આવડે તેમ ગરબા રમવા લાગ્યો.

આ બાજુ બધી girls પહેલા માળેથી જોતી હતી..હિનાએ શીતલ ને કહ્યુ,"જો પેલો નવો છોકરો કેવો komedy ગરબા રમે છે!!!" શીતલે એને ચુપ થવા કહ્યુ અને પછી કીધું,"એવું નાં હોય કે બધાં ને બધુ જ આવડતું હોય"

આશરે ૪૫ મિનીટ પછી છોકરીઓ ગરબા રમવા આવી.ધવલ તો ઉપર જઇને એની ડાયરી લઇ ને બેસી ગ્યો અને શીતલ ને જોતાં જોતાં લખવા લાગ્યો....

"લહેરાતા પવન માં ઊડતી તમારી જૂલ્ફોં

તમને જોઈને હુ મારા હોશ ખોઈ બેઠો

જાણે કોઈ પાગલ જ જોઇ લો

તમારી પાસે આવતાં જ મોં ખુલ્યું નથી

જાણે પથ્થર જ જોઇ લો

તમને નજીકથી નિહાળવાની માત્ર ઇચ્છા છે

જાણે હાથ ની લકીર જ જોઇ લો

બસ,તમને મનની વાત કહેવાની તમન્ના છે

જાણે તમારો પાગલ પ્રેમી જ જોઇ લો"

વ્રજ આ જોઇ ને બોલ્યો "ફરી પાછો તુ આમાં લગી ગ્યો..તુ હજી આમાં પડ્યો નથી એટ્લે કવ છું જો તુ એક વાર પડીશ ને એટ્લે તને ખબર પડશે"".

જવાબ મા ધવલ કે "હવે તો મારી બવઃ જ ઇચ્છા છે આમાં પડવાની અને પડીશ પણ ખરો.."

કારણ કે.... .

કભી બચપન મે કભી જવાની મે હોતા હૈ,

પર સચ્ચા પ્યાર વહી હોતા હૈ જો ઇસ દર્દ એ દિલ સે હોતા હૈ..

ધવલ ને પહેલી વખત શેરો શાયરી કરતા જોતાં વ્રજ ને નવાઈ લાગી બે ઘડી તો એને એ ગુલઝાર સાહેબ લાગવા માંડ્યા પણ ,એ તો માત્ર મનની ભાવના હતી ..સાચું કહું તો મનની ભાવના જ શાયરી અને કવિતા બનાવે છે જે ધવલે બનાવી હતી..

નવરાત્રી ની ઇવેન્ટ પુરી થઈ ....

મિત્રો આપણી સ્ટોરી હજી તો શરૂ જ થઇ છે. આ તો બસ શરૂઆત ની ઘટનાઓ છે. સાચી મજા તો ત્યારે આવશે જ્યારે ધવલ ભાઈ શીતલ ને 'i love you' કહેશે. કારણ કે આ તો દસમા ધોરણ નો પ્રેમ છે અને જો એમાં 'i love you' નાં હોય તો એ love@10th નથી.. પણ ક્યારે કહેશે???

પણ કયારે????.....ધવલ નાં મનમાં પણ આ જ ચિંતા હતી ...

હવે આગળ ધવલ નો પ્રેમ oneside જ રહે છે કે એ કહી દે છે?? એની વાત કરીશું આવતાં ભાગ માં..

જો તમને અમારી આ વાર્તા ગમી હોય તો comment જરુર કરજો(આમ પણ નેટ ફ્રી જ છે એકાદ બે શબ્દ માં કાઈ પુરુ નઇ થઈ જાય)..

આભાર ..

જો તમે પહેલો અને બીજો ભાગ નથી વાંચ્યો તો મહેરબાની કરી ને તેં પણ વાંચી લેજો..કારણ કે આ એક સિરીઝ છે અને સિરીઝ વાંચવાની મજા શરૂઆત થિ જ આવે.

ત્રિજા ભાગ માં આપ સૌનું સ્વાગત છે...

દસમું ધોરણ પુરુ થવામાં હવે માત્ર બે ચાર મહિના બાકી હતાં...અને ધવલ માત્ર મનમાં જ રાખે તો oneside લવ રહી જાત અને ધવલ એ ઇચ્છતો નહતો.અને બીક ના કારણે કલાસ માં કોઈને કહી પણ ન શકતો..

Desember નજીક આવ્યો.આ સ્કુલ માં desemnber એ છોકરાઓ માટે જલસા નો મહિનો કારણ કે આ મહિના માં નાટક,singing, ડાન્સ, અને બીજી ઘણી બધી સ્પર્ધાઓ આવતી.

કલાસ નાં બે-ત્રણ તોફાની વ્રજ,યશ,અને બીજા ઇવેન્ટ ની તૈયારી કરવા લાગ્યા..ધવલ નવો student હોવાના લીધે એ ચુપચાપ બેસી રહ્યો..એને કોઇએ પુછ્યું પણ નહી..

બે દિવસ પછી પ્રતીક થૃ વ્રજ અને યશ ને ખબર પડી કે ધવલ ને script એટ્લે writing અને નાટક નો experienece છે એટ્લે બધા એની પાસે આવ્યાં પોતાનુ નાટક સુધારવા.. ω

અને

ધવલ ને પોતાની સાથે નાટક માં પણ લીધો..ધવલ ને આમા બવ મજા પડી ગઇ..એને પહેલેથી જ stage અને writing નાં કામો માં મજા આવતી.એટ્લે એ નાટક માં રહ્યો.એણે વ્રજ અને બીજા લોકો એ બનાવેલું નાટક જોયું એટલું બેકાર....ખરેખર નાટક બહુ જ વાહિયાત હતુ..

એટ્લે ધવલે આખી સ્ક્રિપ્ટ ફરીથી લખી.એની સ્ક્રિપ્ટ સાંભળીને બધા ખુશ થઈ ગયા..બધાં એ અડધા મહિના સુધી પ્રેક્ટિસ કરી.અને સૌથી સારુ તો ધવલ ને જે વિષય નહોતા ગમતા એવાં મેથ્સ નાં લેક્ચર bunk થવા લાગ્યા. j એ પણ પ્રેક્ટિસ નાં બહાને.ક્યારેક છુપી રીતે તો ક્યારેક સર જોડે ઝઘડીને..

પણ સૌથી મોટો ઝટકો ધવલ ને ત્યારે લાગ્યો જ્યારે એને ખબર પડી કે નાટકને 31 december રજુ કરવા માટે pass થવું જરુરી હતુ અને એને આ વાત ની ચિંતા નહતી કારણ કે સ્કુલ માં નાટક પાસ કરાવવાનું કામ શીતલ અને એની ફ્રેન્ડને આપ્યું હતુ.

પહેલા પેલા તો શીતલ ચોંકી ગઇ કે જેને ગુજરાતી વ્યાકરણ માં કાઈ જ નહીં આવડતું એ આટલી સરસ નાટકની સ્ક્રિપ્ટ લખે..

શિતલે નાટક વાંચ્યું.એને નાટક બવ ગમ્યું.નાટક નું શીર્ષક હતુ N "આવી જ અમારી લાઈફ છે" N ..શિતલે ધવલ ની સામે સ્માઈલ આપી નાટક ને પાસ કર્યું.ધવલ ને સ્માઈલ મળી એટ્લે એતો ખુશ થઈ ગ્યો..આમ પણ જીંદગી નાં પહેલા પ્રેમ(પહેલા ક્રશ)નું સ્માઈલ સામેથી મળે એટ્લે એનાં જેવો આંનદ આ દુનિયા માં કંઇ જ નહીં સાહેબ..

બધાં જ છોકરાઓ ખુશ હતાં કેમ કે તેમનુ નાટક સિલેક્ટ થઈ ગયુ હતુ પણ ભાઈ ધવલ થોડો વધારે ખુશ

હતો.થોડો શાને ઘણો બધો ખુશ એમ કહીએ તો પણ ચાલે.એને શિતલે સ્માઈલ જે આપી હતી ....

તમારે માટે એક ટાસ્ક છે.. જરા વિચારો તમે જેને પ્રેમ કરો છો. જેને તમે ખૂબ જ ચાહો છો, અને પાછો તમારો પ્રેમ એકતરફી એટ્લે કે ONE side લવ છે અને આવા માં તમે જેને પ્રેમ કરો છો તેં વ્યક્તિ તમને સામે થિ સ્માઈલ આપે તો Ψ ત્યારે જે ફીલિંગ આવે ને સાહેબ એ જ ફીલિંગ અત્યારે આપણો મિત્ર ધવલ માણી રહ્યો હતો..(તમે પણ વિચારી લો ï)

શીતલ સ્ક્રિપ્ટ ધવલ ને આપીને જતી રહી જ્યારે ધવલે સ્ક્રિપ્ટનાં લાસ્ટ પાનાં પર જોયું તો ત્યાં લખેલું હતુ," your script is amazing,i like it .its ossm.- shital s. " આ વાંચી ને તો ભાઈ ધવલ ખુશી નાં મારે પાગલ થઈ ગ્યો અને નાચવા લાગ્યો.પણ તરત જ વિચાર્યું પ્રેકટીસ કરવાની છે વધું સારા નાટક ભજવવાની!!!!

31 december નાં 2 દીવસ પહેલા જ્યારે ધવલ અને એની ટિમ પ્રેકટીસ કરતા હતા અને શીતલ ને પુરી ઇવેન્ટ નું કામ સોંપાયું હતુ. ત્યાં શીતલ કાગળ માં કાંઈક લખી રહી હતી ત્યારે ધવલ એની પાસે જઇને સહેજ ખચકાતા ખચકાતા બોલ્યો "thanx" શિતલે સામું જોયું તો એ ધવલ હતો એણે સામું પુછ્યું "thanx??for what?" તો ધવલે કહ્યુ ," તમે નાટક ને pass કર્યું ."

આ સાંભળીને શીતલ મનમાં બોલી , " તમે?? , આટલું માન આપીને શાનું બોલાવે છે?? "પછી ધવલ ને કીધું, " અરે મને માન આપવાની જરૂર નહીં,આમ પણ તારી સ્ક્રિપ્ટ બવ જ સરસ હતી એટ્લે મારે પાસ તો કરવી જ પડે ને!! "

ધવલે કીધું, " હવે મારે પ્રેકટીસ કરવાની છે so bye."

"Ya, બેસ્ટ ઓફ લક એન્ડ be the first."

Thanx કહીને ધવલ પ્રેકટીસ માં લાગી ગ્યો.

શીતલ એનાં કામ માં લાગી ગઇ.

આજે તો ભાઈ ધવલ નાં મનમાં બધાં રોમેન્ટિક સોંગ્સ એક સાથે વાગવા લાગ્યા હતાં.એને તો આજે કોઈ સોન્ગ ખૂબ જ જોર થી ગાવાની ઇચ્છા થઈ કારણ કૈ આજે એણે હિંમત કરી ને શીતલ સાથે વાત કરી હતી.

બીજા એક બવ જ સારા સમાચાર એ હતાં કે આખી ઇવેન્ટ ને શીતલ સંબોધવાની હતી.મતલબ એવો કે ધવલ નાં નાટક ની શરૂઆત એની life નાં luckiest person થી થવાની હતી.એટ્લે ધવલ ભાઈ ખુશ તો થવાના જ ને.એને લાગ્યું કે આજે તો નાટક પતે અને શીતલ ને કઈ જ દવ " i love you શીતલ ". ς .ત્યાં જ એનો ફ્રેન્ડ આવ્યો એને કીધું " એલા ક્યાં ખોવાઈ જાય છે?? " ધવલ કહે " કાંય નઈ. ચાલ clothes નક્કી કરી લઇએ.આજે પ્રેકટીસ નો છેલ્લો દીવસ હતો એટ્લે બધાં એ કપડા નક્કી કરી લીધાં.

Nextday..

ધવલ નક્કી કરેલા કપડા પહેરીને આવી ગ્યો.ભાઈ ધવલે આજે બ્લ્યુ શર્ટ અને બ્લેક પેન્ટ પહેર્યું હતુ સાથે હાથ માં રોલેક્સ ની ફુલ ડાયમન્ડ કોટેડ વોચ..વાહ શુ કોમ્બિનેશન!!!! હજી તો ધવલ ની આખી ય ટિમ ને શાંતી હતી કેમ કે એમનો વારો ૧૦ મો હતો...બધાં ડ્રેસિંગ રૂમ માં પ્રેકટીસ કરતા હતાં ત્યાં આપણો ભાઈ ધવલ શાંતી થિ ખૂણા મા ઉભો ઉભો શીતલ સંબોધન કરતી હતી એને જોતો હતો એકીટશે..જાણે કે દુનિયા માં એનાં સિવાય કોઈ છે જ નઈ!!ભાઈ આજે તો જોવે જ ને કેમ કે આજે શીતલ કલરફુલ કપડા માં બવ જ સુંદર લાગતી હતી.. π π

ત્યાં તો યશે ત્યાં જઇને એને એક મુકી આપી .....હજી પણ ખોવાયેલો...એ કહે શુ થશે આ પાગલનું???

આ બાજુ ક્રિષ્ના બધુ જ જોતી હતી.એ હવે ધીરે ધીરે બધુ સમજતી જતી હતી...

"હવે આપની સમક્ષ પ્રસ્તુત છે એક નાટક જેનું નામ છે...."આવી જ અમારી લાઈફ છે!!"

જેને તૈયાર કર્યું છે ૧૦-ક નાં વિદ્યાર્થી ધવલ પટેલે.."

પબ્લિક માં કોઈ જ રિએક્શન નહતું સિવાય ચીચીયારી.

પરંતુ ટીચર અને બીજા ઓડિયન્સ shock હતાં કારણ કે આ પહેલી કૃતિ હતી જેમાં લેખકનું નામ બોલાયું હતુ...શિતલે ધવલ ને હોઠ ફફળાવીને બેસ્ટ ઓફ લક કીધું પણ બીજી બાજુ શીતલ પોતે ફસાઈ ગઇ હતી,કારણ કે આ પહેલી એવી કૃતિ હતી જેમાં એણે લેખકનું નામ લીધુ હતુ.સરે શીતલ ને ખખડાવી નાખી અને કહ્યુ કે,'તને ખબર નથી આપણે ખાલી કૃતિ જ કહેવાની હોય છે લેખક નું નામ નહીં.'તો પ્રત્યુત્તરમાં શિતલે કીધું કે,"સર હુ જાણું છું કે નામ ના બોલવું જોઈએ પરન્તુ સર એનાં ટેલેન્ટને પણ પ્રોત્સાહન મળવું જ જોઈએ..."સર વધારે લંબાવવા માંગતા ન હતાં એટ્લે તેઓ કંઇ બોલ્યા વગર જતા રહ્યાં,પણ આ બાજુ આચાર્ય અને બીજા બધા પ્રેક્ષકોને નાટકમાં ખૂબ જ મજા આવી.નાટક પુરુ થયાં બાદ પણ હસુ રોકી શકાતું ન હતુ.ઓડિયન્સ માં થી વન્સ

મોર નાં અવાજો ગુંજતા હતાં...

અંત માં ધવલનાં નાટક ને ફર્સ્ટ પ્રાઈઝ મળ્યું.આથી શીતલ પણ ખૂબ ખુશ હતી,આ જોઈને ક્રિષ્નાએ શીતલ ને પુછ્યું કે તુ શાને આટલી બધી ખુશ થાય છે. પણ એણે કંઇ જવાબ નાં આપ્યો.પ્રાઈઝ મળ્યા બાદ ધવલ શીતલ પાસે આવયો અને કહ્યુ...

Thanks.

શિતલે સામો પ્રશ્ન કર્યો, દર વખતે thanks??

"ના પણ નાટકની શરૂઆત તેં કરી એટ્લે મને ફર્સ્ટ પ્રાઈઝ મળ્યું,નહિતર.."ધવલે કીધું.

"જવાદે, એમ પણ તારું નાટક પહેલેથિ જ બેસ્ટ હતુ."

"તો પણ તેં લેખકનું નામ શા માટે લીધુ??"

"Because i love u એવું ધવલ ને સાંભળવું હતુ પણ શિતલે કઈક બીજુ જ કહ્યુ.."

"Because ઓફ ur ટેલેન્ટ એન્ડ telent ને તો પ્રોત્સાહન આપવું જ પડે ને!!"

Ok bye ધવલે કીધું.

ઓકે બાય ..

આજે ભાઈ ધવલ ને વિચાર આયો કે જે છોકરી કલાસમાં બધાં ને ચુપ કરાવે છે તે મારી જોડે વાત કરે???એણે ગાલ ખેંચીને જોયું...અરે આ સાચું જ હતુ,સપનું નહતું!!

જાન્યુઆરી માં બધા 10th નાં બધાં છોકરાઓ ને ટેન્શન હોય પણ અહિયાં જુવો તો આખી સ્કુલ નાં 2 કે 3 છોકરાં સિવાય કોઈને પરીક્ષાની ચિંતા જ નહતી.હવે બોર્ડની ફાઇનલ એક્ઝામ ને 2-3મહિના બાકી હતાં,એની પહેલા પાછી એક પ્રિલિમ exam.. એટ્લે ધવલ ભાઈ ને ટેન્શન તો હતુ જ .હવે ધવલ પહેલાની જેમ શીતલ ને જોયા કરતો નહતો.કારણ કે હવે તો એ બન્ને વચ્ચે વાત શરૂ થઈ ગઇ હતી.પણ આ વાત થિ યશ ખૂબ જ ખુશ હતો,કારણ કે ધવલ હવે એની સ્ટડીસ પર ધ્યાન આપી રહ્યો હતો.હવે આર્યન ને જો કોઈ ચિંતા હોય તો એ ખાલી maths ની હતી.

પ્રિલિમ exam પુરી થઈ. ધવલ મેથ્સ માં બહુ ખરાબ રીતે નાપાસ થતાં રહી ગયો. પ્રિલિમ માં ખાલી 65%.

અડધા મહિના બાદ બધાં રીડિંગ વેકેશન માં છુટા પડવાના હતાં.આ પછી તેઓ ક્યારે પાછા મળશે એવી કોઈને ખબર નહતી!!

પણ એની પહેલા એક સ્પેશિયલ પાર્ટી નું આયોજન હતુ.

હવે આગળ ધવલ શીતલ સાથે પોતાના પ્રેમ નો એકરાર કરી શકશે કે નહીં તે જોઈશું આગળ નાં ચોથા ભાગ માં..

આભાર.

સ્કુલ મા યોજાયેલી સ્પેશિયલ પાર્ટી માં બધાં જ છેલ્લી વાર મળવાના હતાં કોઇક 11 મા જાત તૌ નાં મળત અને કોઈ ડિપ્લોમા કરવાનાં હતાં.ઇવેન્ટ મા બધાં ને યે જાણવું હતુ કે બીજા શુ કરવાનાં છે?? કઈ ફિલ્ડ મા આગળ ભણવા નાં છે? અને આ સ્કુલ ની કઈ કઈ યાદો હમેશા સાથે રાખવાના છે??

ધવલ વિચારતો હતો કે હુ કોમર્સ લઈશ.પણ શીતલ તો કદાચ સાયન્સ જ લેશે!!તો પછી શુ??આ શુ નો જવાબ મેળવવા માટે શીતલ ને પૂછવાની ધવલ માં હિંમત ન હતી!!

કદાચ આ સવાલ થિ એનું હ્રદય તુટી ના જાય કારણ કે સવાલ એ હતો કે "શું હુ એને ભૂલી જઉ??"

ઇવેન્ટ માં ધવલ નાં ક્લાસ સરે ખાસ આગ્રહ કરી ને શીતલ ને બોલવા માટે કીધું..અને પછી શિતલે જે સ્પીચ આપી તેં ધવલ માટે લાઈફ ચેંજીન્ગ બની ગઇ!!!

એ સ્પીચ કંઇક આવી હતી.....

"મારા વ્હાલા મિત્રો,આપણે આ શાળા ના અંતિમ પગથિયાં પર છીએ.અને આ આપણી શાળા નું લાસ્ટ સ્ટોપ છે એમ કહીયે તો પણ ચાલે.આના પછી બધાં નવી ગાડી માં ચડી જશે.અને એક નવી દુનિયા માં જવાની તૈયારી માં લાગી જશે પણ મારા જેવા ઘણાં એવાં સ્ટુડન્ટ પણ હશે કે જેઓ આ જ સ્કુલ મા "સાયન્સ" લેશે અને આગળ વધશે.એક વાત મારે જરૂર કહેવી જોઈએ કે," આપણો આ શાળા માં આપણાં જીવનની ઘણી મહામૂલી પળો વિતાવી છે,આપણા મિત્રો,સરો તથા અન્ય સ્ટાફ સાથે જે સંબંધ બંધાયો હતો એ કદી જ નહીં ભુલાય!! So, તમને બધાને તમારી નવી લાઈફ ની ખૂબ ખૂબ શુભકામનાઓ..

આભાર.""

આટલી સ્પીચ પછી તો ધવલ નું મગજ એક સાથે બે તરફ દોડવા લાગ્યું..કેમ કે એક બાજુ હતુ એનું કેરિયર અને બીજી બાજુ શીતલ...બન્ને એનાં માટે બવ જ importanat હતાં.એ બન્ને માંથી કોઈ ને પણ ખોવા માંગતો નહતો..

ગ્રાઉન્ડ માં બધાં 10 મા ની યાદો રાખવા માટે ગ્રુપ ફોટો પડાવતા હતાં અને ફોનનંબર ની આપ લે કરતા હતાં જેથી એકબીજાના ટચ માં રહી શકે.. વ્રજે ધવલને નંબર આપતાં કહ્યુ,"તુ મારો નંબર રાખ મને ખબર છે તને આની જરૂર પડશે.પણ એક વાત જરુર યાદ રાખજે,તુ જે કંઇ પણ કરે એ સમજી વિચારી ને કરજે જેથી કોઈને તારા લીધે નીચા જોવુ નાં પડે..કારણ કે હવે હુ તારી સાથે નઈ હોવ."આ બન્ને મિત્રો ની વાતો શીતલ સાંભળતી હતી.શીતલ અને ક્રિષ્ના ને કોઈ ચિંતા નહતી કારણ કે બન્ને સાથે સાયન્સ જ કરવાનાં હતા..પણ ધવલ ને વ્રજ જેવા મિત્ર ગુમાવવાનું દુખ હતુ...

"તુ ક્યાં જવાનો છે?ભરૂચ કે સુરત માં જ રહીશ?ધવલે પાછળ જોયું તો શીતલ ઊભી હતી.

હુ તો સુરત માં જ રહેવાનો છું..

ઓકે.હવે આગળ શુ કરવાનો છે?

"આમ તો કોમર્સ લેવાનો છું પણ....."

એનું પણ સાંભળીને શિતલે કીધું,"એક વાત યાદ રાખજે જ્યારે કોઈ નિર્ણય લેવાનો હોય એમા જો પણ શબ્દ આવે ને તો આખી લાઈફ ચેન્જ થઈ જાય છે.. તો જે કરે એ વિચારીને જ કરજે..એન્ડ બેસ્ટ ઓફ લક આગળ માટે..."

Thanks.

બન્ને છુટા પડ્યા.પણ બન્ને નાં મન માં સુર હતો કે "એમનાં મનમાં જ જે છે ઈ કહી દે.."પણ બન્ને નાં મન માન્યા નહીં ને હિંમત જ ના થઈ... આ ઘટના કોઇએ જોઇ તો કેટલાયે ફીલ પણ કરી હશે તમારાં જીવનના (સૌથી અગત્યના વર્ષો ૧૦ અને ૧૨ માં ક્યારેક!)હવે શુ ધવલ સાયન્સ લઇને એની life, love એન્ડ સ્ટોરી નો અંત લાવી દે...

નાં હવે એવું તો નઈ બની શકે..

તૌ હવે આગળ ની સફર કરવી હશે જરાક વાર અંતરમનથી વિચારી જુઓ.

ધવલે ઘરે જઇને બુક વાંચવા લીધી પણ એ વાંચી જ ન શક્યો એને ૧૦ પછી સાયન્સ લે કે કોમર્સ એની ખબર

જ નાં પડી.જો એ કોમર્સ પે તો એને એનાં પ્રેમ ને બાય બાય કારી દેવું પડે અને જો સાયન્સ લે તો કેરિયર??આ બન્ને વચ્ચે અટવાયેલો ધવલ એકદમ શાંત બેસી રહેલો,એને જોઇ ને એની મમ્મીએ પુછ્યુ "શું થયુ બેટા?? કાંઇ તકલીફ છે?"ધવલે નાં પાડી ને વાંચવા બેસી ગ્યો.

બોર્ડ એક્ષામ સ્ટાર્ટ થઈ. ધવલ પણ હવે તૈયાર હતો એક્ષામ માટે પણ ક્રિષ્ના ટેન્શન મા હતી કારણ કે શીતલ ધવલ નાં પણ નાં રહસ્યને સરખી રીતે જાણી શકી ન હતી.મેથ્સ નાં પેપર વખતે ધવલ કંઇ લખી ના શક્યો કારણ કે પેપર મા એની નજર સામે સાયન્સ નું દ્રશ્ય આબેહૂબ આવી ગયુ.ધવલ ને લાગ્યું કે હવે તો લાઈફ નું એન્ડ જ આવી ગયો છે.

એક્ષામ પુરી થઇ. સમર વેકેશન ચાલુ થયુ.ધવલ અને શીતલ બન્ને બેચેન હતાં.હવે ભાઈ ધવલ ની તો બેચેની સમજાય પણ શિતલ ની ન સમજાણી ને..પણ હા શીતલ પણ હવે બેચેની અનુભવવા લગી હતી.એને હવે ધવલે કરેલી વાતો અને એની સાથે નો સમય યાદ આવવા લાગ્યો.શીતલને આ બેચેની શાની છે તેં સમજાતું ન હતુ તો આ બાજુ ધવલ બવ જ ટેન્શન મા હતો,કારણ કે ભાઈ નું મેથ્સ નું પેપર ખરાબ ગયુ હતુ!!

શીતલને આ મન માં મૂંઝવણ શાની છે તે જાણવા માટે ક્રિષ્ના પાસે ગઇ.ક્રિષ્નાને ખબર પડી કે શીતલ ને ધવલ સાથે પ્રેમ થયો છે પણ એને ખબર હતી કે જો એ શીતલને સિધુ કહેશે તો એ માનશે નઈ એટ્લે એણે શીતલને લવસ્ટોરી ની નોવેલ વાંચવા આપી.

એ બુક્સ વાંચ્યા પછી શીતલ આ ફીલિંગનો મતલબ સમજાઈ ગ્યો પણ એને મનમાં થયુ કે આ ફીલિંગ લાઈફ માં સારી કે નઈ??કારણ કે એને હજી તો આગળ ભણવાનું છે અને આવી ફીલિંગ ધ્યાન ભટકાવનારી હોય છે....

રિઝલ્ટનો દીવસ આવ્યો. ધવલ સ્કુલ પહોંચ્યો.આમતો એણે રિઝલ્ટ ઓનલાઇન જોઇ જ લીધુ હતુ,જેમાં એનાં 78% હતાં જે સાયન્સ,કોમર્સ કે ડિપ્લોમા ગમે તેમ માટે કાફી હતાં.પણ ધવલ ને તો હવે શીતલનો લાસ્ટ નિર્ણય જાણવો હતો કે એ શુ કરશે?એ સ્કુલ જતો હતો તો એને કોઇએ કહ્યુ કે શીતલ ટોપ 5 મા નથી આવી..એને તો જાણી ને નવાઈ લાગી. એણે નામ ચેક કર્યું તો જોયુ કે શીતલનાં 87%જ આવ્યાં હતાં.જે એનાં માટે તો ઓછાં જ કહેવાય.એનાં ઓછા ટકા હોવાં છતા પણ શીતલનાં ચહેરાની રોનક માં કોઈ ફેરફાર થયો ન હતો કારણ કે શીતલને પરિસ્થિતિ અનુસાર મુશ્કેલી પર કરતા આવડતું હતુ.

બધાં રિઝલ્ટ ની રાહ જોતાં બેઠા હતાં.બધાં ધવલ ને રિઝલ્ટ પુછતા અને એ પણ પૂછતાં કે હવે એ ક્યાં એડમિશન લેવાનો છે??ધવલને પોતાને પણ આ સવાલના જવાબની ખબર ન હતી.કારણ કે એ પોતે હજી કન્ફ્યુઝન માં હતો.રિઝલ્ટ અપાયા બાદ જાહેરાત થઈ કે "જે વિદ્યાર્થીઓ કોમર્સ લેવાના છે તેઓ બીજ માળ નાં રમ 6 માં થિ ફોર્મ લઈ લે."

એટ્લે ધવલ થોડી વાર પછી એ તરફ ગયો. ત્યાં જોયું તો શીતલ અને ક્રિષ્ના ફોર્મ લઇને ઉભા હતાં અને સર સાથે વાત કરતા હતાં.ધવલ ફોર્મ લઇને બહાર આવતો જ હતો કે ક્રિષ્ના એ એને જોયો અને એને કહ્યુ,"wow તુ પણ અહિયાં જ કોમર્સ લેવાનો?"

હા

એટલે આપણે પાછા એક જ કલાસ માં ભેગા થવાના!!

હા

સારુ ત્યારે!તારા ટકા કેટલા આવ્યાં??

ખાલી 78%

Wow, ગ્રેટ..

"કેમ? તને આટલાં ઓછા ટકા વધારે લાગે છે? કે મજાક કરે છે?"

ત્યાં જ વચ્ચે જ ક્રિષ્ના બોલી ,"ઓછા તો છે પણ તારી હેસિયત પ્રમાણે બરાબર છે."

આ વાક્ય સાંભળીને શીતલ અને ધવલ બન્ને ક્રિષ્ના સામે ગુસ્સાથી જોવા લાગ્યા.બન્ને નાં વિચારો મળતાં જોઇ ને ક્રિષ્નાને તો નવાઈ લાગી..આમ પણ ક્રિષ્નાને કાંઈ પોતાના પર ઘમંડ નહોતો પણ એ સ્પષ્ટ બોલનારી હતી.એટ્લે.....

"ફરગેટ ઇટ,ધવલ હવે આપણે 11th માં મળીશું."

"ચોક્કસ અને કોમર્સ માં હુ ખૂબ જ મહેનત કરીશ."

શીતલ અને ધવલ છુટા પડ્યા.

ધવલ ઘરે ગ્યો કે ઘર માં ઝગડો ચાલુ થઈ ગ્યો.એનાં ભાઈએ ધવલ ને કીધું કે ,"તુ તો સાયન્સ લેવાનો હતો ને?આ

નવું કોમર્સ નું ભૂત ક્યાંથી ચડાવી લાવ્યો..હવે એમને કોણ સમજાવે કે આ કોમર્સ નું નઈ પણ પ્રેમનું ભૂત હતુ એ કાંઇ એમને એમ તૌ ન ઊતરે.."પણ બોલી કેમ શકે??

પણ શું?આ તારી લાઈફ છે કોઈ રમકડું નઈ કે તુ રમ્યા રાખે.મેં તારી ફાઇલ જોઇ છે એટ્લે....આગળ હવે એનો ભાઈ કંઇ બોલે એ પહેલા તો ધવલ એનું બેગ લઇને બહાર નીકળી ગ્યો.

રાત્રે ધવલ પાછો આવ્યો અને એણે ફાઇનલ જણાવી દીધું કે "એણે કોમર્સ જ કરવું છે અને આ ટોપિક પર હવે વાત કરવી જ નહીં."

આ બાજુ ધવલને કોમર્સ ની ચિંતા હતી તો બીજી બાજુ શીતલ એ જાણી ને ખુશ હતી કે ધવલ એનાં ક્લાસ માં જ આવવાનો છે.પણ એનું મગજ પાછું એનાં વિચારો અટકાવી દેતું.પણ એનું મન માનતું નતૂ,એતો એનાં જ વિચારોમાં ભમ્યા કરતું.

હવે તો સાચેજ લવસ્ટોરી ની શરૂઆત હતી..2 મહિના પછી ધવલની બીજી લાઈફ શરુ થવાની હતી.

ó પહેલો પ્રેમ ó

એક રોમાંચક સ્કુલલાઇફ લવ સ્ટોરી સિરીઝ